કોમ્પ્યુટર કૌશલ્યની CCC પરીક્ષા પાસ કરવામાંથી મુક્તિ આપવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
પરિપત્ર ક્રમાંક: બમશ/૧૧૧૫/૬૨૭/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૦૮/૦૬/૨૦૨૧

**વંચાણે લીધા:**

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૬/૦૬/૨૦૧૬ નો ઠરાવ ક્રમાંક: રહગ/૧૦૨૦૧૬/૨૮૧/ક.

(૨) કમિશનરશ્રી શાળાઓની કચેરીનો તા.૧૩/૦૧/૨૦૨૧ નો પત્ર ક્રમાંક: ધ/પેન-3/રહેમરાહ/સીસીસી/૨૦૨૧/૧૧૪૯.

**પરિપત્ર:**

સામાન્ય વહીવટ વિભાગના તા.૧૬/૦૬/૨૦૧૬ ના વંચાણે લીધા ક્રમાંક(૧)ના ઠરાવથી રહેમરાહ નિમણૂક પામેલ વિધવા મહિલા કર્મચારીઓને ગુજરાત મુલ્કી સેવા કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા અને તાલીમ નિયમો-૨૦૦૬ થી નિયત થયેલ પરીક્ષા પાસ કરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે. આ જોગવાઈનો અમલ રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં રહેમરાહે નિમણૂંક પામેલ બિન શૈક્ષણિક વિધવા મહિલા કર્મચારીઓના કિસ્સામાં પણ લાગુ પાડવા અંગે કમિશનરશ્રી શાળાઓની કચેરીએ તા.૧૩/૦૧/૨૦૨૧ ના વંચાણે લીધા ક્રમાંક: (૨) ના પત્રથી દરખાસ્ત કરેલ હતી. જે અન્વયે સામાન્ય વહીવટ વિભાગના તા.૧૬/૦૬/૨૦૧૬ ના વંચાણે લીધા ક્રમાંક (૧) ના ઠરાવની જોગવાઈઓ રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં રહેમરાહે નિમણૂંક પામેલ બિન શૈક્ષણિક વિધવા મહિલા કર્મચારીઓના કિસ્સામાં પણ લાગુ પાડવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

રહેમરાહે યોજના હેઠળ નિમણૂંક પામેલ વિધવા મહિલા કર્મચારીઓ તેમની સામાજિક જવાબદારીઓને કારણે કોમ્પ્યુટર કૌશલ્યની સી.સી.સી. પરીક્ષા પાસ કરી શકતા નથી. આથી, પુખ્ત વિચારણાને અંતે, રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં રહેમરાહે યોજના હેઠળ નિમણૂંક પામેલ બિન શૈક્ષણિક વિધવા મહિલા કર્મચારીઓ પૂરતું તેમને ગુજરાત મુલ્કી સેવા કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા અને તાલીમ નિયમો-૨૦૦૬ થી નિયત થયેલ પરીક્ષા પાસ કરવામાંથી મુક્તિ આપવા સરકારશ્રીની મંજૂરી આપવામાં આવે છે.

SUJAY.PATEL

આ પરિપત્ર આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સરકારશ્રીની તારીખ ૦૩/૦૯/૨૦૨૧ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.એચ.હડંબા)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- નામ.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્રથી).
- માન મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણા મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અ.મુ.સ.શ્રી(ક,ગ), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર તરફ આ અંગે આગળની કાર્યવાહી કરવા સારૂં.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ (કમિશનર શાળાઓની કચેરી મારફત).
- સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (કમિશનર શાળાઓની કચેરી મારફત).
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા માટે.
- સિલેક્ટ ફાઈલ.
- ના.સે.અ. સિલેક્ટ ફાઈલ.

SUJAY.PATEL